ક્રિમીનલ રીવીઝન અરજ નં.૧૬/૨૦૨૫

## – આંક – ૦૭ ની અરજી નીચે હુકમ –

(૧) અરજી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. પક્ષકારોના વિધ્વાન વકીલ શ્રીઓને સાંભળ્યા.

(૨) હાલની અરજી અરજદાર તરફે નામ.ટ્રાયલ કોર્ટના ક્રિ.કે.નં. ૨૦૩૧/૨૦૧૮ નુ અસલ રેકર્ડ અત્રે મંગાવવા માટે કરેલ છે અને જણાવેલ છે કે, સદર કેસ પાટણના બીજા એડી.ચીફ જયુડી.મેજી.સાહેબ શ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. સદરહું કેસનુ પ્રોસીડીંગ્સ આગળ ચાલે તો અમો અરજદારોને ગંભીર રીતે અન્યાય થાય તેમ છે તેથી રેકર્ડ મંગાવવા યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે. મૌખિત રજૂઆતમાં વિ.વકીલ શ્રી પી.બી.વેલાણીએ જણાવેલ છે કે, જો રેકર્ડ મંગાવવામાં આવે તો રેકર્ડમાં રહેલા કાગળોની અદાલત સમક્ષ રીફર કરવામાં સરળતા રહે અને આ કામની ન્યાયિક મૂલવણી માટે અનુકુળતા રહેશે તેથી ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ અત્રેની રીવીઝનના નિર્ણય માટે જરૂરી હોઈ મંગાવી લેવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાપક્ષે વિ.વકીલ શ્રીની રજૂઆત છે કે, આ કામે ક્રોસ કેસ પણ છે. જો આ રેકર્ડ મંગાવી લેવામાં આવેતો આ કેસ આગળ નહિ ચાલે અને ક્રોસ કેસ આગળ ચાલી જશે. વધુમાં કેસ સને ૨૦૧૮ ની સાલનો છે જુનો કેસ છે તેથી નીચેની કોર્ટમાં કામ સત્વરે આગળ ચાલે તે જરૂરી છે. આથી નીચેની કોર્ટનુ કામ માત્ર અટકાવવાના ઈરાદે રેકર્ડ મંગાવી દેવા માગે છે જે યોગ્ય નથી આથી હાલની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી. રેકર્ડ વંચાણે લીધુ. હાલની રીવીઝન અરજી આંક–૪૯ ના હુકમ સામે અરજદારે કરેલ છે. અત્રેની અદાલતે નીચેની કોર્ટની કામગીરી સ્ટે કરવા માટે કોઇ હુકમ કરેલો નથી અને નીચે કામ મુદત ઉપર આગળ ચાલે તો તે ન્યાયી અને જરૂરી છે. અરજદારની અરજીની હકિકત ધ્યાને લેતા તેઓએ અરજીમાં જણાવેલ છે કે, સદરહુ કેસનુ પ્રોસીંડીંગ્સ આગળ ચાલે તો અમો અરજદારોને ગંભીર રીતે અન્યાય થાય તેમ છે અને તેથી રેકર્ડ મંગાવવા યોગ્ય હુકમ કરવા વિનંતી

કરેલી છે. આમ, અરજીની હકિકત ધ્યાને લેતા જ ટ્રાયલ કોર્ટની કામગીરી અટકી પડે તેવા હેતુથી આ અરજી કરેલી હોવાનુ જણાઇ આવે છે. ટ્રાયલ કોર્ટમાં થયેલો કેસ સને ૨૦૧૮ ની સાલનો છે. જો, અરજદાર કોઇ રેકર્ડ રીફર કરાવવા માગતા હોય તો ટ્રાયલ કોર્ટમાંથી સર્ટિફાઇડ નકલ અથવા તો સાદી નકલ માંગીને પણ રજૂ કરી શકે તેમ છે. વધુમાં જો અત્રેની અદાલતને જરૂર જણાશે તો અત્રેની અદાલત નીચેની કોર્ટનુ રેકર્ડ મંગાવી લેશે આથી ટ્રાયલ કોર્ટની કામગીરી અટકી ન પડે તેથી ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ આ તબક્કે અત્રે મંગાવવુ યોગ્ય કે ન્યાયી જણાતુ ન હોઇ જેથી હાલની અરજી હેઠળ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– <u>હુ કમ</u> –**

(૧) અરજદારોની હાલની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૮ મી માહે ઓગષ્ટ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૨૮–૦૮–૨૦૨૫
પાટણ.

(મહંમદઇરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
<u>પાટણ</u>
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

"એચ.એમ.ઠાકર"